**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ,ગોધરા**
ગુજરાત એક્ટ.નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત
મુ.વિંઝોલ, તા.ગોધરા, જિ.પંચમહાલ-૩૮૮૭૧૩

નં.એસજીજીયુ/પ્રવેશ/ ૬૪૭૫ /૨૦૨૪ તા.૨૦/૦૪/૨૦૨૪

વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં સ્નાતક કક્ષાના પ્રથમ સેમેસ્ટરના વર્ગોમાં પ્રવેશ માટેની અમલમાં મૂકવાની માર્ગદર્શક/સૂચનાઓ નિયમો અંગે.

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર ઉપરોક્ત બાબતે આ યુનિવર્સિટી સંલગ્ન ઉપરોક્ત જણાવેલ અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષ સેમેસ્ટર-૧ માં પ્રવેશ આપવાની કામગીરી/સૂચનાઓ

**(અ) પ્રવેશ અંગેની સૂચનાઓ :-**

૧. પ્રવેશની સંપૂર્ણ જવાબદારી કોલેજની રહેશે. **પ્રવેશ પ્રક્રિયા માટે વિદ્યાર્થીઓ દ્વારા ભરવામાં આવેલ GCAS પોર્ટલ પર ફોર્મ વેરીફાય કરવા માટે GCAS પોર્ટલ જે આઈ.ડી.પાસવર્ડ આપવામાં આવેલ છે તે જ આઈ.ડી.પાસવર્ડથી વેરીફાય કરવાના રહેશે.**

૨. આપની કૉલેજમાં વિદ્યાર્થીઓને જે કોર (મુખ્ય વિષય), સબ્જેક્ટ ઈલેકટીવ, ફાઉન્ડેશન કોર્ષીસ આપવા માંગતા હોય તેની માહિતી આપની કૉલેજના નોટીસ બોર્ડ પર વિદ્યાર્થીને સ્પષ્ટ વંચાય તે રીતે મુકશો. નવી **શિક્ષણ નીતી-૨૦૨૦ મુજબ દરેક વિદ્યાર્થીએ Academic Bank of Credit (ABC ID) જનરેટ કરી જેની માહિતી પ્રવેશ પ્રક્રિયાના ફોર્મમાં ફરજિયાતપણે સાચી ભરવાની રહેશે. જેની સંપૂર્ણ જવાબદારી કોલેજની રહેશે.જેની** લીંક આ મુજબ રહેશે. **https://www.abc.gov.in**

૩. દરેક વિદ્યાર્થીએ **GCAS પોર્ટલ** પર જઈ રજીસ્ટ્રેશન ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે અને પ્રવેશ ફોર્મ કોલેજ ખાતે જરૂરી દસ્તાવેજો જોડી ફરજીયાત જમા કરાવવાનું રહેશે.

૪. કોલેજે **GCAS પોર્ટલ** પર ઓનલાઈન વેરીફાય કરવાનું રહેશે

૫. વિદ્યાર્થીને પ્રવેશ મેરીટના આધારે જ આપવાનો રહેશે. ઓર્ડીનન્સ અને રેગ્યુલેશનમાં જણવ્યા મુજબ પ્રવેશ કાર્યવાહી કરવી. (વિગત યુનિવર્સિટીની વેબસાઈટ પરથી મળી શકશે.) નિયત ઇન્ટેક કેપેસીટી પ્રમાણે જ પ્રવેશ આપી શકાશે. ઇન્ટેક કેપેસીટી કરતા વધારાના આપેલ પ્રવેશ માન્ય ગણાશે નહી તેમજ તેની સઘળી જવાબદારી કોલેજની રહેશે.

૬. દરેક કોલેજે નીચે પ્રમાણે સ્પષ્ટ જાહેરાત પ્રવેશ દ્વાર પાસે મૂકવી (જમ્બો ઝેરોક્ષમાં મુકવું)

 ૧ યુનિવર્સિટી દ્વારા મેરીટ યાદીઓ મુકવાની ચોક્કસ તારીખ જાહેર કરેલ છે તે મુજબ પ્રવેશ કાર્ય કરવું.

 ૨. નિયત તારીખે ફી નહી ભરનારનો પ્રવેશ પર કોઈ અધિકાર રહેશે નહી. આ બાબતે વાંધા-વિરોધ-વિવાદ સાંભળવામાં આવશે નહી.

 3. જે-તે કોલેજમાં નિયમાનુસાર ડિવીઝન/વિષય દીઠ સંખ્યા ભરાઈ જતા પ્રવેશ બંધ થશે.

 ૪. દરેક કૉલેજે જાહેર થયેલ મેરીટ યાદી મુજબ પ્રવેશ આપશે અને મેરીટ લીસ્ટ બહારનો એકપણ પ્રવેશ આપવો નહી. અન્યથા તે પ્રવેશ રદ્દ ગણાશે તથા તે વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થશે નહી અને તેની સઘળી

જવાબદારી કોલેજની રહેશે

૭. ૧. અનામત કક્ષાના વિદ્યાર્થીઓને જાતિના પુરાવાની નકલ સાથે અરજી આપવાની રહેશે.

૨. બક્ષીપંચના વિદ્યાર્થીઓ પાસેથી સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અપ્રિલ-૨૦૨૨ કે તે પછીના નોન ક્રિમીલેયર સર્ટીફિકેટની નકલ વિદ્યાર્થીએ પ્રવેશ ફોર્મ સાથે જોડવી ફરજીયાત છે. અન્યથા આવા વિદ્યાર્થીને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ.

3.આર્થિક રીતે નબળા વર્ગોના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ એપ્રિલ-૨૦૨૨ કે તે પછીના સર્ટીફીકેટની નકલ પ્રવેશ ફોર્મ સાથે જોડવી ફરજીયાત છે. અન્યથા આવા વિદ્યાર્થીને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ.

૪. પ્રવેશ શીડ્યુલમાં નક્કી કરાયા મુજબ ઓપન મેરીટની યાદીમાં ગુણવત્તાના ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કાર્ય બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે. ઓપન મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો તેમને અનામત યાદીમાં સમાવવા નહી. યુનિવર્સિટીની મંજુરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલવાની રહેશે.

૫. અનામતની ટકાવારીની જગ્યાઓ, ઓપન મેરીટનો સમાવેશ ફાઈનલ નાં થાય ત્યાં સુધી કોઇપણ સંજોગોમાં ભરવી નહી કે ઓપન કરવી નહી. અન્યથા કોલેજની સંપૂર્ણ જવાબદારી રહેશે.

Special Provision for Concession for the wards of kashmiri migrant (MHRD Letter No.3-1/2012 NER-Dated:7th March-2013

(i) Relaxation in CUT OFF percentage up to 10% subject to minimum eligibility requirement.
(ii) Increase in intake capacity up to 5% course-wise.
(iii) Reservation of at least one seat in merit quota in technical/professional institution.
(iv) Waiving of domicile requirements.

૮. ફોર્મ લેવાની તારીખ સમાપ્ત થયા પછી બોર્ડમાંથી જે વિદ્યાર્થીઓના પરિણામ મોડા જાહેર થયા હોય કે સુધારો વધારો થયો હોય તેવા વિદ્યાર્થીઓના ફોર્મ GCAS પોર્ટલ પર Phase-2 માં રજીસ્ટ્રેશન કરી પ્રવેશ મેળવી શકશે.

૯. ગુજરાત એચ.એસ.સી. બોર્ડ તેમજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાંથી પાસ થયેલા વિદ્યાર્થીઓ સિવાયના વિદ્યાર્થીઓને કોઈપણ સંજોગોમા યુનિવર્સિટીના **પ્રોવીઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ** સિવાય પ્રવેશ કન્ફર્મ થશે/કરવો નહી. જો **પ્રોવીઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ** વગર કોઈ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવ્યો હશે અને એનરોલમેન્ટ ફોર્મ વખતે કંઈપણ પરિસ્થિતિનું નિર્માણ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોલેજની રહેશે અને પાછળથી તેની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેશો.

૧૦. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને એનરોલમેન્ટ માટે ત્રણ ફોટા અચૂક લેવા અને પ્રવેશ કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી અસલ ગુણપત્રક પરત કરવું નહીં, સદરહું નિયમનો ચુસ્તપણે અમલ કરવો. કોઈપણ સંજોગોમાં આ માટે વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં મોકલવા નહી.

૧૧. પ્રવેશ આપવા અંગેનું મેરીટ યુનિવર્સિટી ધારાધોરણ મુજબ નક્કી કરી પ્રવેશ આપવો.

<table>
<tr><td rowspan="1">મેરીટ બનાવવાના નિયમો</td><td colspan="2">૧) ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષામાં મેળવેલા કુલ ગુણ અને મુખ્ય વિષયોના આધારે બોર્ડના ગુણ<br>(૨) એક કરતા વધારે વર્ષની ગેપ ધરારાવનાર વિદ્યાર્થીને ઉપરોક્ત મેળવેલ ગુણમાંથી પ્રતિ વર્ષ ૦૫ ગુણ ઓછા કરવા વધુમાં ૧૫ ગુણ બાદ કરવા<br>(૩) જે તે વિષયમાં અનામત અથવા ઓપન સીટો ખાલી રહેતા યુનિવર્સિટીની પૂર્વ મંજુરી મેળવી ગુણભારના આધારે પ્રવેશ આપવામાં આવે.<br>(૪) આંતરિક ગુણ ગણતરીમાં લેવામાં આવતા નથી.<br>(૫) જરૂરી ઇન્ટેક કરતા ઓછી અરજી ધરાવનાર કોલેજ વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપી શકશે.<br>(૬) કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બદલી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિસ્તારમાં થઇ છે તેમના બાળકોને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.</td></tr>
<tr><td>અનામત અંગેના નિયમો (સ્થાનિક અને અન્ય યુનિવર્સિટી વગેરે)</td><td colspan="2">(૧) સરકારશ્રી અને યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ (SC-૭%, ST-૧૫%, SEBC-૨૭%, EWS-૧૦%, PH-૫%, માજી સૈનિક ૨%)<br>(૨) કેન્દ્ર સરકારના કર્મચારીઓ બદલીને જે તે વિસ્તારની કોલેજમાં પ્રવેશ માટે લાયક ગણવા<br>દરેક કોર્સ માટેની એલીજીબીલીટીની યાદી</td></tr>
<tr><td rowspan="14">દરેક કોર્સ માટેની એલીજીબીલીટીની યાદી<br>(UG Course)</td><td>B.A</td><td>12th Arts/Science, Diploma, I.T.I.<br>(સમકક્ષ પ્રમાણપત્ર ધરાવનારને જ યોગ્ય ગણવા)</td></tr>
<tr><td>B.Com.</td><td>12th Commerce/Arts</td></tr>
<tr><td>B.B.A</td><td>12th Commerce/Science /Arts</td></tr>
<tr><td>B.B.A (Hotel Manegement)</td><td>12th Commerce/Science/ Arts</td></tr>
<tr><td>B.R.S</td><td>12th Commerce/Science Arts</td></tr>
<tr><td>B.C.A</td><td>12th Commerce/Science/ Arts</td></tr>
<tr><td>B.S.W</td><td>12th Commerce/Science/ Arts</td></tr>
<tr><td>B.H.T.M</td><td>12th Commerce/Science/ Arts</td></tr>
<tr><td>B.Sc.</td><td>12th Science, Diploma</td></tr>
<tr><td>B.Ed.</td><td>Any Graduate/Post Graduate</td></tr>
<tr><td>D.M.L.T.</td><td>12th Commerce/Science/ Arts</td></tr>
<tr><td>Diploma In Sanitary Inspector</td><td>12th Commerce/Science/ Arts</td></tr>
<tr><td>Diploma In Fire</td><td>12th Commerce/Science/ Arts</td></tr>
</table>

# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ,ગોધરા

ગુજરાત એક્ટ.નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત
મુ.વિંઝોલ, તા.ગોધરા, જિ.પંચમહાલ-૩૮૮૭૧૩

વસુધૈવ કુટુમ્બકમ્
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

| | | |
|---|---|---|
| | Safety | |
| | Bachelor Of Design (Animation Film Design) | 12th Commerce/Science/ Arts, Diploma |
| દરેક કોર્સ માટેની એલીજીબીલીટીની યાદી (PG Course) | Ll.B. | Any Graduate/Post Graduate |
| | M.A. | B.A. |
| | M.Com. | B.Com./B.B.A. |
| | M.Ed. | B.Ed.,B.E.I. Ed. ,D. Ei. Ed. |
| | Ll.M. | Ll.B. |
| | M.R.S. | Any Graduate/Post Graduate |
| | M.Sc. | B.Sc. |
| | M.S.W. | Any Graduate/Post Graduate |
| | P.G.D.M.L.T. | Any B.Sc. Graduate, Graduate In Dairy Science & Technology B.Pham., B.A.M.S., B.H.M.S., B.P.T., B.Sc.(Nursing) |
| | P.G.D.S.H.M. | Any Graduate |

ઉપરોક્ત સૂચનાંઓનું અચૂક પાલન કરવાનું રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વીંઝોલ, ગોધરા, ગુજરાત

પ્રતિ,
- ઉપરોક્ત તમામ અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.